સુરત આર્યધર્મ પરિષદ્‌ના સ્વાગત મંડળના પ્રમુખ વીરેશ્વરાનંદ ઈંદીરાનંદ પંડિત. બી. એ, એલ. એલ. બીનું ભાષણ.

પ્રસિદ્ધ કર્તા—વીરેશ્વરાનંદ ઇંદીરાનંદ પંડિત
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું નાગરફળીઆ—સુરત.
છાપનાર—મટુભાઇ ભાઈદાસ છાપવાનું ઠેકાણું ખુ. અ. ના ધી સુરત જૈન
પ્રિન્ટીંગ પ્રેસ—ખપાટીઆ ચકલા,—સુરત.

સુરત આર્યધર્મ પરિષદ્‌ના સ્વાગત મંડળના પ્રમુખ વીરેશ્વરાનંદ ઈંદીરાનંદ પંડિત. બી. એ, એલ. એલ. બીનું ભાષણ.

તા૦ (૨૫-૧૨-૧૯૧૪.)

यस्माज्जातं जगत्सर्वम् यस्मिन्नेव विलीयते ।
येनेदं धार्यते चैव तस्मिन् ज्ञानात्मने नमः ॥

આર્યબંધુઓ તથા આર્યબેનો ! સાતમી આર્યધર્મપરિષદ્‌ના સ્વાગત મંડળના પ્રમુખ તરીકે મુંબઇ ઇલાકાના જુદા જુદા સ્થળના આપના જેવા વેદોક્તધર્મના ઉપાસકો અને ધર્મશાસ્ત્રનાઅભ્યાસીઓનું તેમજ સ્વદેશહિતચિંતકોનું આ ઐતિહાસીક શહેરમાં સ્વાગત કરવાનું શુભ કાર્ય મને સોંપવામાં આવ્યું છે, તે ખરેખર મારા સદ્‌ભાગ્યનું ચિહ્ન છે એમ હું સમજું છું. આ હમારૂં શહેર જોકે ઐતિહાસિક કીર્તિવાળું છે તોપણ મુંબઇ શહેરના વસવા તથા વધવા સાથે આ શહેરની લક્ષ્મી, જાહોજલાલી, તથા વસ્તી દિનપ્રતિદિન ઘટતી ગઇછે. બહારથી આવનાર અજાણ્યા શખ્સને સહજ પ્રશ્ન ઉદ્‌ભવે એમ છે કે કવિ નર્મદ જેવા સુધારક તથા દેશભક્તની આ જન્મભૂમિ સામાન્ય હિત કારક ચળવળમાં પછાત કેમ જણાય છે ? ઉપર ઉપર જોનારને આ પ્રશ્નનું નિરાકરણ કરવું સહેલું લાગશે નહિં. પરંતુ જેઓ વધારે પરિચયવાળા હશે તેમને માલમ પડશે કે સુરત અને મુંબઇ વચ્ચે ઘણો અંતર ન હોવાથી, તથા ખાસ કરીને રૈલ્વે થયા પછી, તે અંતર નહિ જેવો થવાથી આ શહેરના ઉત્સાહી સાહસિક તથા બુદ્ધિમાન લોકો નોંકરી ધંધા વગેરેને કારણે મોટે ભાગે મુંબઇ રહેવા લાગ્યા. આવી રીતે સુરતના કવિ નર્મદ જસ્ટીસ નાનાભાઈ હરીદાસ શેઠ પ્રેમચંદ રાયચંદ વગેરે પ્રસિદ્ધ પુરૂષોએ મોટે ભાગે મુંબઇમાંજ પોતાનું જીવન ગાળ્યું. પરંતુ જમાનો બદલાતાની સાથે તથા કેળવણીનો પ્રસાર દિનપ્રતિદિને વધતો જવાથી સુરત જેવા શહેરમાં પણ સામાન્યહિતકારી ચળવળમાં પોતાથી બનતું કરનારા લોકોની દિન પ્રતિદિન વૃદ્ધિ થવા માંડી; જેને પરિણામે આ શહેર પ્રોવિન્શીલ કોન્ફરન્સ, તથા નેશનલ કોંગ્રેસ બોલાવી શક્યું અને હુન્નર ઉદ્યોગનું પ્રદર્શન વગેરે ઉપયોગી કાર્યો પાર પાડી શક્યું.

આર્યધર્મપરિષદ્ મેળવવાનું માન સુરતે પહેલું મેળવ્યું હતું અને તે વખતે લોકમાન્ય લાલા લજપતરાય. હરદ્વાર ગુરૂકુળના સ્થાપક મહાત્મા મુનશીરામ, પંડિત રામભજદત્ત ચૌધરી પંડિતા સરલાદેવી બી.એ. વિગેરે પ્રસિદ્ધ વિદ્વાન્ વક્તાઓ અને ધર્મનિષ્ઠ આર્યબંધુઓએ આપણી પરિષદ્‌ને દીપાવી હતી. ત્યારપછી સાત વર્ષે આપ સર્વેનું સ્વાગત કરવાનો લાભ મેળવવા હમે શક્તિ માન થયા છીએ.

આપના આતિથ્ય માટે જે કંઈ વ્યવસ્થા કરવામાં આવી છે તે ખામી રહિત છે અથવા તો તે સુધારણાના અવકાશ રહિત છે એમ કહી શકાય નહિ. ઉલટું જો કદાચ આપની યોગ્યતાના પ્રમાણમાં અમારાથી યોગ્ય વ્યવસ્થા થઇ શકી નહિ હોય તો તે આપની તરફના અમારા ભક્તિભાવ અથવા ભ્રાતૃભાવની ન્યૂનતાને પરિણામે નહિ પણ પારિસ્થિતિને પરીણામે અપૂર્ણ રહી છે એમ આપ માનશો. કમનસીબે હાલમાં યૂરોપમાં ચાલતાં મહાયુદ્ધને લીધે વેપાર રોજગારની સ્થિતિ કફોડી થઇ ગઈ છે. અને પ્રજાનો મોટો ભાગ અસ્વસ્થ ચિત્તનો થઇ ગયો છે. તેવા વખતમાં સામાન્ય હિતકારક કાર્ય પ્રત્યે લોકોની ગમે તેટલી સહાનુભૂતિ હોય તોપણ તેમનાથી યથેચ્છ નાણાં ખરચી શકાતાં નથી. અને બને ત્યાં સુધી યૂરોપીય સંગ્રામની સમાપ્તિ થતાં સુધી જાહેર કાર્યોને મુલતવી રાખવાની સહજ પ્રવૃત્તિ થાય છે. પરંતુ આપણી સંસ્થા ધાર્મિક છે અને કોઇ પણ આકસ્મિક કારણને લીધે ધાર્મિક કાર્ય

શોભાવવું ઉચિત નથી. ઉલટું આવા વખતે ધાર્મિક કાર્યો ખાસ કરીને લોકોમાં શાન્તિ પ્રસરે તેમાટે કરવું ઉચિત છે. આ બના સુરત કલેક્ટર સાહેબે જણાવ્યું છે તેમ લોકોએ હાલના સંગ્રામને લીધે પોતાનાં કંમેળના કાર્યો બંધ કરી નહિ દેતાં તે પહેલાંની પેઠે ચાલતાં રાખવાં એ જરૂરનું છે. અને તેથા અમે બનતો પ્રયાસ કરી આ પરિષદનું કાર્ય ઉપાડી લીધું છે.

અમારૂં આમંત્રણ સ્વીકારી પધારેલા મહાન્ વક્તાઓ તથા પંડિતો આર્યમહાશયો તથા આર્ય મહિલાઓના અમે આભારી છીએ ખાસ કરીને ઓન. શ્રી૦ મોકળદાસ કુહાનદાસ પારેખ જેવા દેશભક્ત, શ્રીમાન્ સ્વા. વિશ્વેશ્વરાનંદજી જેવા વિદ્વાનશિરોમણી તથા બીજા પ્રસિદ્ધ વક્તાઓએ પોતાની બીજી ફરજોનું મોટું રોકાણ હોવા છતાં અમારૂં આમંત્રણ સ્વીકારી અહીં સુધી પધારવાની તસ્દી લીધી છે તે માટે અમે તેમના ઘણા ઉપકૃત છીએ એટલુંજ નહિ પણ તેથી આ પરિષદનું કાર્ય સર્વથા યશસ્વિ અને સફળ નીવડશે એવી ખાત્રી રાખવાને આપણે ઉત્તેજીત થયા છીએ.

સત્કાર્યમાં નિયુક્ત આપના જેવા સ્વાર્થત્યાગી વિદ્વાન મહાશયોનાં દર્શનથી દરેક મનુષ્યનું હૃદય આનંદોદધિમાં ઉછાળા મારે એ સ્વાભાવિક છે. એ આનંદ સ્વહિતના દૃષ્યથી તેમજ સામાન્ય હિતના દૃષ્યથી દ્વિગુણીત થાય છે. પરંતુ મહાશયો ! આવા આનંદના વખતમાં માત્ર એકજ વસ્તુ એવી છે કે જે આ આનંદને ક્ષણવાર ભુલાવી દઇ આપણા હૃદયના ઉંડાણમાંથી શોકના નિઃશ્વાસ કઢાવે છે અને આપણા આનંદથી પ્રફુલ્લિત અંતરાને ગ્લાનિની છાયાથી કલુષિત કરે છે. આ ભવ્ય મેળાવડામાં—આ પ્રખ્યાત વક્તાઓ તથા પંડિતોની પંક્તિમાં ક્યાં છે તે દીવ્ય મૂર્ત્તિ કે જેનાં દર્શનથી ઉપાધિ જન્યગ્લાનિ દૂરથતાં આનંદ અને શાન્તિ છવાઇ રહેતી, જેના સંભાષણથી સત્ય જ્ઞાનના ઉંડાસંસ્કારો સર્વત્ર સ્ફુરતા, તથા જેના સદુપદેશથી સત્ય શોધક પુરૂષોને સ્હેલથી સત્ય વસ્તુની પ્રતીતિ થતી ? ગુજરાતની આર્ય સમાજોના વાલી અને આ પરિષદની સર્વ ચળવળોના નેતા પરમપૂજ્ય સ્વામિ નિત્યાનંદજીને આ પરિષદમાં આવકાર આપવાનું સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું નહિ. મારી ખાત્રી છે કે એમનું શરીર ગમે તેટલું અશક્ત હોત, તેઓ ગમે તેટલા દૂર હોત, એમને બીજી ગમે તેવી હરકત હોત તોએ આ પ્રસંગે અમારૂં અલ્પ સ્વાગત સ્વિકારી તેમની વિદ્યા, ધર્મ પરાયણતા અને ઉચ્ચાશયનો અમને અમુલ્ય લાભ આપવામાં તેઓ કદી પણ પાછળ પડત નહિ. એમનાં વિશાળ જ્ઞાન, વિસ્તૃત દૃષ્ટિ, અને નિર્મળ લાગણીના સદુપદેશની ખોટ કદી પણ પૂરાશે નહિ. એમનું અવસાન સ્વકર્મપરાયણ કર્મવીરને યોગ્ય હતું. આણંદમાં આર્ય સમાજની સ્થાપના કરીને પોતાના દેહના સંરક્ષણની ચિંતા ન રાખતાં દેહ કષ્ટ ભોગવી, ગામડામાં ઉપદેશ કરવા જતાં એમનું અવસાન થયું. એમના શબ ઉપર આર્ય સમાજોએ તથા સર્વ સજ્જન ગૃહસ્થોએ આંસુ વરસાવ્યાં છે. આશા છે કે એમનાં યોગ્ય સ્મારકની તજવીજ થશે અને આપણે છુટા પડીએ તે પહેલાં એ કાર્યની શરૂઆત થયા વિશે આપણને કંઇક ખબર મળશે.

પરંતુ આપણે જાણીએ છીયે કે जातस्य हि ध्रुवम् मृत्युः અને તેથી એમના સ્થૂલ શરીરના અભાવથી શોક ગ્રસ્ત થઇ કર્તવ્યમૂઢ બનવા કરતાં એમના સૂક્ષ્મ સ્વરૂપનું ધ્યાન કરી આપણું કાર્ય પરિપૂર્ણ કરવા વધારે ઉદ્યત રહેવાની જરૂર છે.

ગૃહસ્થો ! આપણે આપણા કાર્યમાં ઉદ્યત રહેવાનું ખાસ કારણ એ છે કે આપણી સમાજ વિષે ચાલતી ગેરસમજુતીથી આપણું કાર્ય વિશેષ કઠીન થયું છે. આપણી સમાજનું કર્તવ્ય કઇ દિશામાં છે ? હાલની દુનિયાની પ્રજાની સરખામણીમાં અધમતાને પહોંચેલી નિર્બળ, નિર્વીર્ય તથા નિઃસત્વ થઇ રહેલી આપણી જન સમાજ પ્રત્યે કયા વિષયમાં સુધારણા કરવા આપણે મથીએ છીએ ? આ સુષુપ્તિમાં પડેલી પ્રજાને કઇ દિશામાં જાગૃત કરવા આપણે પ્રયત્ન કરીએ છીએ ? શું આપણે રાજદ્વારી ચળવળ ઉપાડી લઇને રાજકીય સુખના ધ્યેય માટે મથન કરીએ છીએ ? ના. શું આપણે આર્થિક ઉન્નતિનો પ્રયાસ કરીએ છીએ ? ના. શું આપણે Social Reform જેને સુધારા તરીકે વગોવવામાં આવે છે તેને માટે મહેનત કરીએ છીએ ? ના. સજ્જનો ! આપણું ધ્યેય એકજ, ફક્ત એકજ છે અને તે ધાર્મિક સુધારણા છે. રાજકીય, કે સંસાર સુધારાના વિષયો કરતાં અત્યંત ઉચ્ચ પ્રકારની અને શ્રેષ્ઠ એવી સત્યધર્મની જીજ્ઞાસાથી પ્રેરાઇને વેદોક્ત તથા શાસ્ત્ર સંમત ધર્મનું જ્ઞાન મેળવવાનું કાર્ય આપણે સ્વીકાર્યું છે. ધર્મ સિવાયની બીજી કોઇપણ બાબત સાથે આપણને સંબંધ નથી. ધર્મ એજ પ્રજાના સુખનો મૂળ સ્થંભ છે.

ધર્મથીજ સુખ, ધર્મથીજ યશ, અને ધર્મથીજ સર્વસ્વ મળે છે; ટુંકમાં સર્વ પ્રકારની ઉન્નતિ ધર્મના ઉપર રહેલી છે એમ આપણે માનીએ છીએ. વ્યક્તિની, સમાજની કે રાષ્ટ્રની હરેકપ્રકારની ઉન્નતિનો મૂળ પાયો ધર્મ હોવો જોઇએ. તે સિવાયની જે જે સંસ્થા હશે તે અલ્પ કાળ માટેજ રહેશે. મહાશયો ધર્મ એ કેવી અનુપમ વસ્તુ છે? દુનિયાના ઇતિહાસમાં અનેક ઘાતકી કૃત્યો, ખુનો, મોટી લડાઇઓ ધર્મને નામે થયાં છે તેમજ ધર્મને લીધે અનેક પુણ્ય કાર્યો, સ્વાર્થત્યાગના અનુપમ દૃષ્ટાંતો તેમજ જન સમાજને તોફાની દરિયા પ્રમાણે ક્ષોભ પમાડનારા અનેક ઐતિહાસિક બનાવો ધર્મને નામેજ બનવા પામ્યા છે. ટુંકમાં મોટામાં મોટા પાપો, ભયંકર કૃત્યો તથા મહાન અનર્થો ધર્મને નામે થયાં છે તેમજ એજ ધર્મને નામે ત્યાગનાં, ભક્તિભાવનાં તથા ભ્રાતૃભાવના અનેક યશસ્વી કાર્યો પણ થયાં છે. ધર્મની શક્તિ બીજી કોઇ પણ શક્તિ કરતાં માણસ જાતના વર્તન ઉપર વધારે ઉંડી તથા ચિરસ્થાઇ છાપ પાડે છે અને તેથી બીજી ક્ષુલ્લક બાબતોમાં કાળજી રાખવામાં આવે છે તેના કરતાં સોગણી કાળજી ધર્મને માટે રાખવી ઘટે છે અને તેથીજ આપણી સંસ્થાએ મનુષ્યોના સર્વ શ્રેયના સાધન રૂપ ધર્મનેજ પોતાની ચળવળના વિષય તરીકે સ્વિકાર્યો છે.

આપણે ઉપર જણાવ્યું તેમ ધર્મને નામે અનેક અનર્થો થયા છે. તેવા અનર્થના દાખલા આપણા દેશના ઇતિહાસમાં ડગલે ડગલે મળી આવે છે. ખરૂં કહીએ તો આપણી હાલની અધોગતિ ધર્મનું યથાર્થજ્ઞાન ન હોવાને પરિણામે થએલી છે અને જ્યાં સુધી શુદ્ધ અને સત્ય ધર્મનો શ્રદ્ધા પૂર્વક સ્વીકાર થશે નહિ ત્યાં સુધી આપણી ઉન્નતિની વાતો કરવી મિથ્યા છે.

જે ધાર્મિક ચળવળ માટે આપણી સંસ્થા સ્થપાએલી છે તે કેવી છે ? આપણી ધાર્મિક ચળવળનું એક મુખ્ય લક્ષણ એ છે કે તે ધર્મના વિષયમાં સુધારણા કરવા મથે છે. મહાશયો ! આપણા હિંદુસ્તાનમાં ઘણા લોકો એવા છે કે જેમને સુધારાના નામથી ગભરામણ થવા માંડે છે. તેમને તો જુનું તેટલુંજ સુન્નુ લાગે છે. દરેક સંસ્થામાં, પછી તેનો આશય ગમે તેટલા શુદ્ધ ભાવથી પ્રેરિત હોય, ગમે તેટલી દીર્ઘ દૃષ્ટિથી તથા સૂક્ષ્મ બુદ્ધિથી તેનાં બંધારણો રચાયાં હોય તોપણ કાળનો મહિમા એવો છે કે સારામાં સારી વસ્તુમાં પણ બગાડો પેસે છે. અને, જો તે વખતો વખત દુર કરવામાં ન આવે તો જે એક વખતે બેનમુન હતું, સર્વશ્રેષ્ઠ હતું, તથા સર્વશુભફલદાઇ હતું તે બગડવાથી દુઃખકારક, અનર્થોત્પાદક તથા અવનતિનું કારણ રૂપ થઇ પડે છે. દરેક વિષયોમાં બાપદાદાના વખતમાં ચાલતી રીતો તેવીને તેવીજ પાળી શકાતી નથી. જૂના કાળમાં પણ મહા કવિ કાળિદાસે કહ્યું છે કે पुराणमित्येव न साधु सर्वम्—नचापि काव्यम् नवमित्यवद्यम् પરંતુ નવીન કાર્યમાં યોગ્યાયોગ્યતા પારખવાની વિવેક બુદ્ધિ જેમનામાં હોતી નથી, જેઓ કેળવણીના અભાવે જૂની વસ્તુઓના માત્ર જૂના પણાથીજ મોહિત થઇ રહે છે, તેમજ જાણવા છતાં કર્તવ્યતા શૂન્ય આળસયવૃત્તિથી જેઓ મૂઢ થઇ રહેલા છે તેવા બધાને અમુક વિચાર કે અમુક કાર્ય નવું છે તે સાંભળતાંજ તે ઉપર અણગમો પેદા થાય છે. અને આપણે કમનસીબે આપણા દેશમાં ભણેલા કરતાં અભણ, સત્ય પ્રેમી કરતાં વ્હેમી અને ઉદ્યમી કરતાં આળસુઓનો ઘણો મોટો જથો છે અને તે જથો સૂઝો ન હોવાથી દરેક પ્રકારના સુધારા ના કાર્યમાં અણસમજુઓનો મોટો જથો મોટો ઘોંઘાટ કરી મૂકે છે. જેથી સુધારાનો માર્ગ ઘણો મુશ્કેલી ભર્યો થઇ પડે છે.

સુધારાની જરૂરીયાત સ્વીકારનાર આપણી સંસ્થા એમ પણ સમજે છે કે સુધારો એટલે ક્રાન્તિ નહિ જે સુધારો વગર વિચારનો, હદ બહાર ઉતાવળીઓ, પરિસ્થિતિને નહિં ઓળખનારો તથા પરિણામ ન સમજનારો હોય તે મિથ્યા છે; જે ધીમી પણ અનુકૂળ વૃત્તિથી વર્તમાનના કુદરતી વધારાને સ્વાભાવિક યોગ્ય દિશામાં વાળે તે ખરો સુધારો ગણી શકાય.

ત્યારે આપણે જે ધાર્મિક સુધારો કરવા માગીએ છીએ તે કેવા પ્રકારનો છે? આપણે કંઇ પાશ્ચાત્ય પ્રજાના આચાર વિચાર કે તેમની સંસ્થાઓ ભિન્ન પ્રકારના આપણા વાતવરણમાં ઠોકી બેસાડવા ઇચ્છતા નથી. તેમજ હિંદુ ધર્મમાં કંઇ અણધાર્યો, કે અગાઉ નહિં જણાએલો અથવા હિંદુઓની કલ્પના બહારનો સુધારો દાખલ કરવા માગતા નથી. પરંતુ આપણે તો થોડા વખત ઉપરના જૂનાને બદલે જુનામાં જૂના સમયના, પ્રાચીન ઋષીમુનીઓના કાળમાં પ્રવર્તતા આચાર વિચાર તથા ક્રિયા કર્મો આપણા લોકોમાં પ્રચાર પામે તેને માટે પ્રયાસ કરીએ છીએ. સ્વાર્થથી અથવા અજ્ઞાનથી આર્ય સમાજ સામે ઝુંડો લઇ બેઠેલા શખ્સો અને તેમના આત્મ બુદ્ધિ વિનાના અનુયાઇ સિવાયના બીજા તટસ્થ માણ-

સૌને કબુલ કરવું પડશે કે આર્ય સમાજનો ઉદ્દેશ અત્યંત ઉચ્ચ, તથા વિસ્તૃત દૃષ્ટિવાળો તથા આર્ય ધર્મનાં સત્ય તત્ત્વો ઉપર સ્થાપિત છે. આર્ય સમાજમાં ત્રણ મુખ્ય વસ્તુ અવશ્ય મંતવ્ય છે અને તે એ કે (૧) ઈશ્વર સર્વનું આદી મૂલ છે અને તેનામાં ભક્તિ રાખવી (૨) વેદ સત્ય જ્ઞાનથી ભરપૂર છે અને તે ભણવો ભણાવવો આર્યોનો પરમ ધર્મ છે અને (૩) સત્યનું ગ્રહણ કરવામાં અને અસત્યનો ત્યાગ કરવામાં હંમેશાં તત્પર રહેવું. આ ત્રણમાંથી ઈશ્વરના સંબંધમાં Atheist નાસ્તિક શીવાય બીજા કોઈને વાંધો હોઈ શકે નહીં તેમજ વેદ સત્યજ્ઞાનથી ભરપુર છે, તેનો અભ્યાસ કરવોજ જોઈએ, તેને માટે કોઈ પણ હીંદુ (પછી તે કોઈ પંથનો હોય કે સનાતની હોય તે) વાંધો લઈ શકે નહીં (૩) અને જે ત્રીજું અને મારી સમજ પ્રમાણે ઘણું મહત્વનું છે તે એ છે કે સત્યનું ગ્રહણ કરવામાં તથા અસત્યનો ત્યાગ કરવાને હંમેશાં ઉદ્યત રહેવું કેમકે એ નિયમને અભાવે દરેક સારી સંસ્થા તથા સમાજ કાળે કરીને એક મત, પંથ, કે સંપ્રદાય થઈ પડે છે; તેના સિદ્ધાંતો સત્યની તુલનાને બદલે દંભ અને મમત્વ તથા સ્વાર્થના ઉપર આધાર ગખતી થાય છે. માટે જે સંસ્થા લાંબો વખત સુધી ટકાવવી હોય તેમાં વખતો વખત જે સત્ય માલમ પડે તે ગ્રહણ કરવાની તથા અસત્યનો ત્યાગ કરવાની છુટ રહેવીજ જોઈએ. અને તેમ હોવાથીજ આર્ય સમાજ એક સંકોચિત દૃષ્ટિવાળી મતવાદી સંસ્થા થશે એવો ભય રહેતો નથી. ટુંકામાં કહી એ તો આર્યસમાજ વેદધર્મનો પ્રસાર કરવાને તથા હીંદુ પ્રજામાં જાતીય ગુણો જાગૃત કરવાને પ્રયત્ન કરે છે. આ સમાજ કોઈ એક વ્યક્તિ માટે નથી કે કોઈ એક જ્ઞાતિ માટે નથી પણ લોક સમૂહના સામાન્ય હીત માટે વિશ્વવૃત્તિથી પ્રેરિત છે. મારે કેવું જોઈએ કે આવા ઉચ્ચ આશયવાળી તથા વિશાળ દૃષ્ટિવાળી બીજી સંસ્થા ભાગ્યેજ આપણા દેશમાં માલમ પડશે.

ગ્રહસ્થો ! આપણી વિશાળ ભાવના તથા ઉચ્ચ ઉદ્દેશને માટે આપણે કોના આભારી છીએ ? પોતાની અસાધારણ બુદ્ધિ, અપ્રતિમ વિદ્વતા તથા અલૌકિક વક્તૃત્વથી સત્ય જ્ઞાનની ઉંડી છાપ મારી વિરોધીઓને નિરૂત્તર કરનાર તેમજ પોતાની સાત્વિક વૃત્તિ, સંપૂર્ણ સ્વાત્માર્પણ તથા ભ્રાતૃ ભાવથી વિવેકી પુરૂષોના મન હરણ કરી લેનાર વેદશાસ્ત્ર પારાંગત શુદ્ધ વૈદીક ધર્મના સ્થંભ મહર્ષિ સ્વામિ દયાનંદ સરસ્વતિ આપણી આર્યસમાજોના સ્થાપક હતા અને એમના જેવા નિઃસ્વાર્થ તથા ઉદાર મત વાદી આપણી ચળવળના નેતા હતા તેથીજ આપણો ઉદ્દેશ આટલો બધો ઉચ્ચ રહેલો છે અને તેમના પવિત્ર આશીર્વાદથી વધતી જતી આપણી સંસ્થા દીવસે દીવસે અધિક વિસ્તાર પામશે તથા અધિક પ્રમાણમાં લોક સેવા કરવાને સમર્થ થશે. સજ્જનો ! સ્વામિ દયાનંદ સરસ્વતિએ સમગ્ર હીંદુસ્થાનની તથા હીંદુ ધર્મની એવી મહાન સેવા બજાવી છે કે તેના જેવી સેવા સાંપ્રત કાળમાં બીજાઓએ ભાગ્યેજ કરી હશે. કહ્યું છે કે શીવાજી નહીં હોત તો સુન્નત હોત સબકી શીવાજી મહારાજે જડ બળના હુમલા સામે આપણા ધર્મનું, આપણા ગૌઓ બ્રાહ્મણોનું રક્ષણ કર્યું હતું. ત્યાર પછી અંગ્રેજી રાજ્યની સ્થાપના થયાથી સુલેહશાંતી સર્વત્ર પ્રસરી તથા કાયદાનો અમલ સર્વત્ર થયો. એટલે જડ બળનો ભય હંમેશને માટે દુર થયો પરંતુ નવા જમાનામાં નવા પ્રકારના ભય ઉત્પન્ન થયા. પાશ્ચિમાત્ય વિદ્યા કળાના સહવાસથી પાશ્ચાત્ય આચાર વિચારોએ આપણા ઉપર મજબુત કાબુ મેળવવા માંડ્યો અને તેથી એવો પણ સમય આવી પહોંચ્યો કે એક તરફ પાશ્ચ્યા તથા આચાર વિચારનું મજબુત ખેંચાણ અને બીજી તરફ આપણી જુની ધાર્મિક સંસ્થાઓની અત્યંત અવ્યવસ્થાને પરિણામે કેળવાયલી આર્ય પ્રજા ગમે તો જડવાદી અથવા ખ્રીસ્તી ધર્માવલંબી એમ બે વિભાગમાં વ્હેંચાઈ જવાનો મોટો ભય ઉભો થયો. સ્વામિ શ્રી દયાનંદ સરસ્વતિએ પોતાના કાર્યની શરૂવાત કરી ત્યારે પરિસ્થિતિ આવી હતી. અને ઉપર જણાવ્યા પ્રમાણેના ભયમાંથી આર્યાવર્તની પ્રજાને બચાવવાનું કાર્ય તેમણે પાર પાડ્યું અને તેમ કરીને તેમણે હીંદુધર્મની એવી સેવા બજાવી છે કે જેથી એમનું નામ એમના અનુયાયીઓમાંજ નહીં પણ સામાન્ય પ્રજામાં પ્રેમ તથા માનની લાગણીઓ પ્રદીપ્ત કરશે અને આ આર્યાવર્તના ઇતિહાસમાં પણ એમનું નામ અમર રહેશે. સ્વામિશ્રીના જીવન કાર્યથી આપણે બધા વાકેફ છીએ એટલે તે વીશે વિસ્તારથી કહેવા માટે સમય પુરતો નથી. પરંતુ મારે કહેવું જોઈએ કે વેદનું સંશોધન કરી તથા પ્રસિદ્ધ કરાવી એમણે ધાર્મિક સાહિત્યની અનન્ય સેવા કીધી છે.

સ્વામિશ્રીનું જીવન તથા કાર્ય એક મહાનધાર્મિક સુધારકનું હતું. એમણે જે કર્યું છે તે કેવળ નિઃસ્વાર્થ દૃષ્ટિથી-અતિ મહાન્ સ્વાર્થભોગ આપીને કીધું છે. નિષ્કામકર્મપરાયણતા તથા પ્રાણજતાં પણ પોતાના અંગીકૃત કાર્યમાં મચ્યા રહેવાનું એમનું દૃઢ મનોબળ આપણી પ્રજાને હમેશને માટે

દ્રષ્ટાંત રૂપ છે. પરંતુ મારી સમજ પ્રમાણે સ્વામિજીની વિસ્તૃત દ્રષ્ટિ અને [illegible] એમનો ઘણો ઉપયોગી ગુણ હતો. તેને પરિણામે તેઓએ પ્રથમથીજ કાળજી રાખેલી જણાય છે, કે જે સંસ્થા તેઓને હાથે સ્થપાઇ છે તે દીવસે દીવસે જડ, સંકુચિત દ્રષ્ટિવાળી, તથા મર્યાદિત હેતુ વાળી બનવા ન પામે. અને તેટલાજ માટે સ્વામિશ્રી દયાનંદ સરસ્વતિએ તથા એમના સહાયભુતોએ આર્ય સમાજના અવશ્ય મંતવ્ય ફકત દશ ઠેરવ્યા છે જેમા ત્રણ મુખ્ય છે જેમેં ઉપર જણાવ્યાં છે અને બાકીના જે સાત છે તે એજ ત્રણને વિસ્તાર પૂર્વક દર્શાવે છે. સદ્‌ગ્રહસ્થો હું હીંમતથી કહું છું કે આર્ય સમાજના એ દશ અવશ્ય મંતવ્યો માટે કોઇપણ હિંદુ પછી તે સુધારાવાળો હોય કે ગામઠી હોય, ભણેલો હોય કે અભણ હોય, નૂતન મતવાદી હોય કે સનાનન મતવાદી હોય, કોઇને પણ વાંધો હોઇ શકે નહીં. કયો હીંદુ વેદને તથા ઇશ્વરને માનતો નથી? બાકી તે શીવાયની બીજી બાબતો વેદને આધારે હોયતો અલબત માનવા યોગ્ય છે તોએ પણ તેમાં સમજ ફેર અને તેને પરિણામે માન્યતાનો ફેર રહેવાનો સંભવ છે અને તેથી તે બા બતો વિકલ્પિક માન્યતા માટેની છે અને અવશ્ય માન્ય નથી. સજ્જનો! આપણી સમાજના અવશ્ય માન્ય શિવાયના બીજા કેટલાએક પ્રશ્નોએ આર્ય સમાજ સામે ઘણાને ઉશ્કેરી મુકયા છે અને ખરૂં ખોટું શું છે તે સમજવા પુરતું જેમનામા જ્ઞાન નથી તેવા લોકોને સ્વાર્થી ગુરૂઓ તથા મત પંથના નેતાઓએ ઉશ્કેરી મુકયાછે. અને તેથી આપણી સંસ્થાના શ્રેયસ્કર તથા ધાર્મિક કાર્યને લોકો તરફથી યોગ્ય પ્રમાણમાં ટેકો મળતો નથી. આર્ય સમાજને માટે આ પ્રમાણે લોકોમાં વિરૂદ્ધતા પેદા થવાના કારણોમાં મુર્તિપૂજા, નિયોગ, દ્વૈતા દ્વૈત વાદ વિગેરે છે. અને જન સમાજના મોટા ભાગને જે પ્રકારે ઇશ્વરને ભજવાની જુના વખતથી ટેવ પડી છે તે તેમના સ્વભાવનો એક ભાગ થઇ જવાથી તે છોડવી તેમને માટે લગભગ અશકય છે અને તે છોડાવવા માટે જો આપણી તરફથી હઠ અથવા જબરાઇ થાય તો તેનું પરિણામ પણ તેવુંજ થાય. સૃષ્ટિનો નિયમ એવો છે કે જેવો આઘાત તેવો પ્રત્યાઘાત થાય છે. ઇશ્વર દયાળુ છે અને તેથી શુદ્ધ ભકિતભાવથી પોતાની પાત્રત્વને અનુરૂપ પ્રકારે ઇશ્વરને દંભ વિના ભજનાર પણ ઇશ્વરની કૃપાને પાત્ર થાય છે. જેમ અનેક નદીઓ આખરે સમુદ્રને મળે છે તેમ અનેક રીતે સહુ સહુની ન્યુનાધિક પાત્રના પ્રમાણે લોકો પોતાને ફાવતે માર્ગે ઇશ્વિરને ભજી શકે છે. કહ્યું છે કે;—रूचीनां वैचित्र्याद्दृजुकुटिल नानापथजुषाम् नृणामेकोगम्यस्त्वमसिपयसामर्णवइव । સદ્‌ગ્રહસ્થો! તમારા પૈકી કેટલાએક મારા વિચારથી જુદા પડતા હશો. તો પણ કહ્યું છે કે:—

सुलभाः पुरुषाः लोकेसततं प्रियवादिनः
अप्रियस्य च पथ्यस्य वक्ताश्रोता चदुर्लभः

તેથી મેં જે કહ્યું છે તે ઉપર અવકાશે પાકો વિચાર કરશો.

બીજું આપણી સમાજ વૈષ્ણવવાદી પંથો ઉપર સખ્ત ટીકા કરતી હોવાથી તથા તેના છીદ્રો ઉઘાડાં પાડતી હોવાથી તે તે પંથના પ્રવર્તકો તથા તેના આશ્રિતો આર્યસમાજ ઉપર ક્રોધાયમાન થાય છે અને આર્યસમાજ વિશે ખોટી હકીકતો પ્રસરાવી લોકોને ઉશ્કેરી મુકે છે. સ્વામિ શ્રી દયાનંદ સરસ્વતિના સમયમાં આવા પંથના પ્રવર્તકો ત્યંત અજ્ઞાની, સ્વાર્થી, અનિતિમાન તથા દ્રવ્યસંચયકરનારા હતા. તે સમયની અધોગતિની કલ્પના કમકમાટ ઉપજાવે એવી છે. તે સમયમાં સ્વામિજીએ લોકૈષણાની દરકાર રાખ્યા વગર નિડર પણે જે લડત ચલાવી હતી તેથી તે પંથવાળાઓને આપોઆપ ગમતે અણગમતે પણ સુધરવું પડયું છે, વિદ્યાની ઉપાસના કરવાનું કંઇ નહીં તો ડોળપણ કરવું પડે છે તથા શાસ્ત્રીઓ રાખી ગમે તેવો પણ ઉપદેશ કરવો પડે છે. અને એ પ્રમાણે જે સુધારો થયો છે તથા મહા અનર્થ થતો અટકયો છે તે સ્વામિશ્રીના પ્રતાપનુંજ ફળ છે. અને તેને માટે તે તે પંથમાં રહેનારા, પણ, કેળવાયલા માણસો સ્વામિજીની સેવાની કદર કરે છે. પરંતુ સ્વામિજીના સમય પછી કેળવણીનો પ્રસાર ઝપાટાબંધ થયો છે. અને તેનો વિસ્તાર હજી વધ્યો જાય છે. તેથી ધર્મને નામે પાપ કરવાનું હાલમાં રહેલું નથી માત્ર એટલુંજ કે ધર્મ તરફ સામાન્ય લોક સમૂહની ઉદાસીન વૃત્તિ હોવાથી જેમ ચાલતું આવે તેમ ચાલવા દેવામાં આવે છે.

આર્યસમાજના બીજા શત્રુઓ વિદ્યાવિહીન બ્રાહ્મણો છે. એવા બ્રાહ્મણોનો મોટો ભાગ આજીવીકા તરીકે રાંધવાનું કે ગોરપદું કરનારા છે. એવા વિદ્યારહિત બ્રાહ્મણોમાં દાઢી વધારી ગાંજા ફુંકનારાનો તથા કોકેન આદી દુર્વ્યસનમાં ફસાનારાઓનું મોટું પ્રમાણ

આશ્રમ ગણે છે. બ્રાહ્મણોનું કર્તવ્ય ભગવદ્ગીતામાં જણાવ્યું છે કે:—

शमोदमस्तपशौचं क्षांतिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥

આવા લક્ષણવાળા બ્રાહ્મણો હોય તેવા કદાચ ભૂલ પણ કરતા હોય તો તે ક્ષમ્ય છે. પણ અર્થ રહિત ક્રીયાઓ તથા શુષ્ક વ્યવહારની રીતભાતો જાણનારા અક્ષર શુન્ય બ્રાહ્મણો પાત્રત્વને અભાવે દાન લઇ પોતાના યજમાનોનું કલ્યાણ કરી શકતા નથી એટલુંજ નહીં પણ તેઓ પોતે મહા પાપના ભોગી થાય છે. આવા બ્રાહ્મણો પોતે કંઇ સત્કૃત્ય કરી શકતા નથી પણ असमर्थो गृहारंभे समर्थो गृहभंजने તે પ્રમાણે આર્ય સમાજને વગોવવામાં પોતાનું શરાતન દર્શાવે છે.

આર્યસમાજના અનેક વિરોધીઓ પૈકી કેટલાએક નમુના મેં ઉપર જણાવ્યા છે. તે ઉપરાંત આપણી સમાજ ધર્મની સુધારણા કરવા ઇચ્છે છે તેથી ધર્મમમત્વવાળા મહાંધો તથા દંભિઓ આર્યસમાજના શત્રુ થઇ પડયા છે. વળી તેઓ પોતાના વ્હેમી વિચારોનું શાસ્ત્ર વચનોથી સમર્થન કરી રહ્યા છે પણ તેમણે જાણવું જોઇએ કે:—केवलं शास्त्रमाश्रित्यन कर्तव्यो हि निर्णयः। युक्तिहीने विचारे तुं धर्म हानिः प्रजायते ॥ હીંદુસ્થાન શીવાય દુનીયા ઉપર બીજો કયા મોટા મોટા દેશો છે, તેમનો ઇતિહાસ શું છે. તેમની સરખામણીમાં આપણે કેટલા પછાત છીએ વિગેરે બાબતોના જ્ઞાન રહિત માણસોને ખરેખર अनभ्यासे विषंशास्त्रम् થઇ પડયું છે. તેવાઓ ધાર્મિક સુધારણાની સામે મેદાન પડે એ સ્વાભાવિક છે. ધાર્મિક સુધારણા માટે ઇંગ્લાંડમાં અનેક ઝઘડા થયા હતા તથા સુધારાના મતવાદીઓને જીવતા બાળી પણ મુકવામાં આવ્યા હતા. ફ્રાન્સમાં પણ એ કારણથી લોહીની નદીઓ વહી અને ધાર્મિક મત સ્વાતંત્ર્ય મેળવવા માટે નજીકના સમય સુધી ઝઘડો ચાલ્યો. નૂતન ક્રીશ્ચન મતવાદી માર્ટીન લ્યુથર જે એક મહાત્મા હતો તેનો પાપી તરીકે બહીષ્કાર કરવામાં આવ્યો, તેને દ્રોહી તરીકે કેદ કરવામાં આવ્યો, અને તેના ઉપર એટલો બધો જુલમ થયો કે તેને પોતાનો જીવ બચાવવા એક દેશથી બીજે દેશ ન્હાસવું પડવું. પરંતુ આજે ખ્રીસ્તીઓના મોટા ભાગે તેનો મત સ્વિકાર્યો છે. આવા અનેક દ્રષ્ટાંતો આપણા દેશમાં તથા બીજા દેશના ઇતિહાસમાંથી ,મળી આવે છે. તેથી સત્ય સુધારણા કરવામાં તો નિડર રહેવુંજ જોઇએ અને તે પ્રમાણે સ્વામિ દયાનંદ સરસ્વતિ વર્ત્યા હતા. પરંતુ હાલ સમય બદલાયો છે. દરેક સુધારાને બે પ્રકારનું કાર્ય કરવાનું છે એક તો નિષેધરૂપ ને બીજું વિધી રૂપ એ વિષયમાં અંગ્રેજમાં એક વિદ્વાને કહ્યું છે કે All that is negative, all that is destructive, all that is mere criticism is bound to pass away; it is the positive, the affirmative, the constructive that is immortal, that will remain for ever- આપણી ચળવળની નિષેધક પ્રવૃતિનો કાળ જઇને હવે વિધીરૂપ અથવા સંસ્થાપક કાર્યનો કાળ આવ્યો છે. અને આપણે આપણા તરફનું કાર્ય કરી બતાવવાની શરૂઆત કીધી છે. આપણે જે કાર્ય કરવાનું છે તે વેદના સત્જ્ઞાનનો પ્રસાર ચાલુ રાખવા વીશેનું છે તથા વેદ વિષયક સાહિત્યમાં ઉમેરો કરવાનું છે. એ વેદનું જ્ઞાન કેવું છે તે બાબત કહ્યું છે કે:—

तज्ज्ञानं प्रशमकरं यदिंद्रियाणामं ।
तज्ज्ञेयं यदुपनिषत्सु निश्चितार्थम् ॥
ते धन्याः भुवि परमार्थ निश्चितेहा ।
शेषास्तु भ्रमनिलये परिभ्रमंतिः ॥

આપણી જે બીજી સંસ્થાપક પ્રવૃત્તિછે તે આપણાં ગુરૂકુળોછે. કેળવણી પ્રજાની પ્રગતિનું મુખ્ય સાધનછે. સ્કુલ તથા કોલેજમાં અપાતી કેળવણી એકદેશીયછે. તેમાં ધર્મના કેળવણીનું સ્થાન નથી. તે નૈતિક સિદ્ધાંતો શીખવી શકતી નથી. અને શારીરીક ખીલવણીની બાબતમાં તો તે વિઘ્નરૂપ થઇ પડીછે. આ બધી ખામીઓ સ્કુલો તથા કોલેજમાંથી નીકળી જાય એમ નથી.એ ખામીઓ દુર કરવા માટે લોકોએ પોતે પ્રયાસ કરી પોતપોતાના ધર્મને અનુકુળ કેળવણી આપવાની સંસ્થાઓ કહાડવાની જરૂરછે. હીંદુઓને માટે તે જરૂયાત આપણી સમાજોને હસ્તક ચાલતા ગુરૂકુળથી પુરી પાડી શકાય એમ છે હજી તો ગુરૂકુળની શરૂવાત થઇ છે તો પણ તે ઘણા ફ તેહમંદ થયાં છે અને તેમનાથી થતો લાભ લોકો સ્હેલથી સમજી શકે છે ગુરૂકુળના વિદ્યાર્થીઓ પાશ્ચત્ય સહિત્ય શાસ્ત્ર તથા કળાના જ્ઞાન ઉપરાંત આર્ય ધર્મનું

ઉત્તમ જ્ઞાન મેળવે છે તથા ગુરૂકુળમાં પ્રાચિન કાળનાં બ્રહ્મચારીઓની ઉત્તમ રહેણી પ્રમાણે વિધાર્થીઓને ઉંચા પ્રકારની નિતી રીતી તથા અભ્યાસની ટેવ પાડવામાં આવે છે તથા તેમનું શરીર પણ મજબુત, કસાયલું, તથા ઘણા મોટા પ્રમાણમાં શારીરીક તથા માનસિક શ્રમ લેવાને સમર્થ બનાવવામાં આવે છે. મારી ખાત્રી છે કે ગુરૂકુળમાં ઉછરેલા યુવક મજબુત બાંધાનો, નિડર તથા નિખાલસ સ્વભાવનો તથા ધર્મ પરાયણ થાય છે અને તેનું આયુષ્ય પણ તેજ પ્રમાણમાં વધે છે.

એ ઉપરાંત આર્યસમાજે સ્ત્રીઓની બાબતમાં પણ યોગ્ય ચળવળ ઉપાડી લીધી છે. દરેક મહા કાર્ય સ્ત્રીઓની સહાનુભૂતિ સિવાય પાર પાડી શકાતું નથી. સ્ત્રીઓને કેળવ્યા વગરની સમાજ એક બાજુએ મોટું પૈડું અને બીજી બાજુ એ નાનું પૈડું મુકયું હોય તેવા રથ જેવી થાય છે. કોઇ કહેશે કે સ્ત્રીઓને કેળવવાથી પુરૂષવર્ગના અધિકારમાં ખામી આવશે, મત ફેર પડશે અને કદાચને સમાન હક માગતી સ્ત્રીઓ, મત મેળવવાની લડત ચલાવનારી સ્ત્રીઓ પ્રમાણે સામાન્ય પ્રજા ઉપર જબરાઇથી હુમલા કરશે. પરંતુ આપણા આર્યાવર્તમાં તેમ થવું અશકય છે. આપણી સમાજમાં પૂર્વકાળમાં સ્ત્રીઓ પ્રત્યે માન હતું. તેમ સ્ત્રીઓ પણ પોતાની સત્તાની મર્યાદા યોગ્ય રીતે સમજતી હતી. અને સ્ત્રીઓનો કુટુંબ પ્રત્યેનો તથા પતીપ્રત્યેનો સેવા ધર્મ અધાપિ પર્યંત હીંદુ સ્ત્રીઓમાં કાયમ રહેલો છે. તેમ છતાં પણ જો કદાચ કેળવણી આપ્યાથી આર્ય સ્ત્રીઓ પાશ્ચિમાત્ય સ્ત્રીઓની પેઠે જનસમાજ ઉપર હુમલો કરનારી લડાયક પ્રકૃતિની થશે તો પણ તે ભય કરતાં અશિક્ષિત સ્ત્રીઓનો ભય શતવાર બાધક છે. એ પ્રમાણે હોવાથી આપણા ગુરૂકુળો છોકરાઓ માટે છે તેમ છોકરીઓને પણ શારીરીક, આત્મિક, તથા માનસીક કેળવણી આપવ માટે છે. એ ગુરૂકુળોને દરેક પ્રકારે મદત આપવાની આપણી ફરજ છે. તે ઉપરાંત આપણી સમાજે મહિલા પરિષદ મેળવવાનો રીવાજ દાખલ કીધો છે કે જેથી આપણા કાર્યમાં મહિલાઓની સહાનુભૂતિ મળે એટલુંજ નહિ પણ વખત જતા તેઓ પણ પુરૂષોના જેટલીજ આપણા કાયમાં મદત આપે.

એ ઉપરાંત આર્ય સમાજે એક બીજી મહત્વની લોક સેવાનું કાર્ય ઉપાડી લીધુ છે. અમુક માણસને અડકવાથી અમુક માણસ અભડાય ઇશ્વરના એ બાળકોમાં એક પ્રત્યે એટલો બધો તિરસ્કાર કે તેના સ્પર્શ માત્રથીજ બીજા અપવિત્ર થઇ જાય અને તે કમનસીબ વર્ગ કોઇ પણ કાળે ગમે તેટલે દરજ્જે સુધરે અથવા કેળવાય તો પણ તેના ઉપરના બહિષ્કારનો અમલ જરા પણ ઢીલો ન થાય એ વિચાર માત્ર આ હતભાગી દેશમાંજ ઘર ઘાલી રહ્યો છે. વિદ્યા, કળા, તથા સ્વરાજ્યનું સુખ ભોગવતી મહાન પ્રજાઓમાં તેમજ પોતાનો ઉદ્ધાર કરવા ઇચ્છતી બીજી કોઇપણ પ્રજામાં આવો બહિષ્કાર જોવામાં આવતો નથી. એ રીવાજને માટે જુના કાળમાં કંઇક વાજબી કારણ હશે એમ માનીએ તો પણ હાલના કાળમાં એ રીવાજ આપણી સમાજનો મહાન શત્રુ રૂપ થઇ પડયો છે. કોઇ અસ્પર્શ્ય માણસ પરધર્મમાં જાય તો તરત સ્પર્શ્ય થઇ જાય, અર્થાત્ હીંદુ ધર્મથી પાવન થવા કરતાં પરધર્મથી પાવન થઇ શકાય છે, એમ જુના વિચારના પોતાને સનાતન કહેવડાવનારા હીંદુઓ માને છે. આ સ્થિતિનો અંત લાવવાને દરેક સમજુ માણસે પ્રયત્ન કરવું જોઇએ.

અમે ઉંચા, અમને ઇશ્વરે જન્મથી ઊંચા ઘડયા છે એમ માનનારાઓ સ્વાભાવિક રીતે દીવસાનુ દીવસ નીચે પડે છે. આર્યધર્મની ખ્યાતિ યુરોપ અમેરીકામાં પ્રસરાવનાર સ્વામિ વિવેકાનંદે કહ્યું છે કે:—"The day of these previliges and excusive claims is gone. The duty of every aristocracy is to dig its own grave and the sooner it does the better. The more it delays, the more it will fester and die a worse death. It is the duty of the Brahmin therefore to work for the salvation of the rest of mankind in India. વળી આપણા હીંદુઓ કર્તવ્યતાશૂન્ય થઇ જવાથી આપણામાના ઘણા લોકો ભૂખ મરાની કે બીજી પીડામાંથી બચવાને પરધર્મનો સ્વિકાર કરે છે, અને નજીવી તકરારોમાં શુરાતન બતાવતા ઉચ્ચ જ્ઞાતીનાં હીંદુઓ, ઇતર હીંદુઓની વસ્તી દીવસે દીવસે ઓછી થાય છે તે તરફ દુર્લક્ષ્ય કરે છે. એ સ્થિતિ જો કાયમ રહેશે તો ૫૦ વરસમાં આ દેશમાં હીંદુઓનું પ્રમાણ ઘણું ઓછું થઇ જવાનો ભય રહે છે. એ ભયમાંથી મુકત થવાને તથા હીંદુસ્થાનમાં વેદધર્મ સ્વિકારનારની સંખ્યા વધારવા માટે આર્ય સમાજે પતિત–શુદ્ધિની ચળવળ ઉપાડી લીધીછે. એ ચળવળ ખાસ કરીને પંજાબમાં ઘણા જોસથી ચાલેછે અને પર ધર્મિ ગામના ગામો પોતાના મૂળ આર્યધર્મમાં ફરીથી દાખલ થયાંછે. આપણી તરફ એ ચળવળ જોરથી ચાલતી નથી એ ઉચિત નથી. એ વિષયમાં આપણે વધારે—ઉદ્યમ તથા કાળજી રાખવાની જરૂર છે.

મહસયો ! વિસ્તાર ભયને લીધે આર્યસમાજે ઉપાડી લીધેલાં કેટલાંએક સત્કાર્યો મેં ટુંકમાંજ જણાવ્યા છે. પરોપકાર કરવો, પોતાની ઉન્નતિ કરવી એ આપણી અવશ્ય મંતવ્યાતાનો એક ભાગ છે અને મને લાગે છે કે હાલનો સમય આપણી એ ફરજને અમલમાં મુકવા માટે વધારે અનુકૂળ છે. સામાન્ય લોકોપયોગી કાર્યમાં આપણને સમાજ બહારના લોકોની પણ સહાનુભૂતિ તથા મદત મળે એમ છે અને તેથી દીવસે દિવસે સમાજના વિસ્તારમાં તથા કાર્યશક્તિમાં પણ ઝપાટા બંધ વધારો થશે. બીજું સ્વામિ શ્રી દયાનંદ સરસ્વતિનો સમય આઘાતનો હતો હાલનો સમય પ્રત્યાઘાતનો છે. સંસાર સુધારાના તેમજ ધાર્મિક સવાલોમાં લોકોમાં પાછળ હઠવાની વૃત્તિ જણાય છે. મત પંથના આચાર્યો તથા પંડિતો પોતપોતાના મતની મહત્તા સમજાવવા નિકલી પડયા છે. તેઓ બને તેટલી તકરારો આગળ કરે છે અને शेषम् कोपेन पूरयेत् તેમ જ્યા નિરૂત્તર હોય ત્યાં ગાલી પ્રદાનથી લાગણી ઉસ્કેરી કામ લે છે. પોતપોતાના પંથના પુસ્તકો પણ રચી પ્રસિદ્ધ કરવામાં આવે છે તથા પોતાના અનુયાયીઓ બને ત્યાં સુધી પોતાના પંથમાંથી છટકી જવા ન પામે તે માટે તેમની શ્રદ્ધા તથા ભક્તિ જાગૃત કરવાનું પ્રયત્ન કરવામાં આવે છે. આવા વખતમાં આપણે આપણા નિષેધક કાર્ય ઉપર વધારે ધ્યાન આપીશું તો આપણે ઉપાડી લીધેલી ઉપર જણાવેલી સામાન્ય હીતકારી ચળવળો નો માર્ગ કઠીણ થઇ પડશે.

એ ઉપરાંત હાલના સમયમાં એક અસાધારણ નવીન જાગૃતિ ઉત્પન્ન થઇ છે. આપણે એક દેશના વતની છીએ, આપણે એક પ્રજા છીએ, આપણી ફરીયાદ તથા હાજતો સરખી છે, તે દુર કરવાના ઉપાયો પણ સરખા છે, તથા આપણે હીંદુ પારસી કે મુસલમાન દરેકનું લક્ષ્ય એકજ છે તથા ઉન્નતિનો માર્ગ પણ એકજ છે, એમ ટુંક સમય થયાં સમજવામાં આવ્યુ છે. ટુંકમાં કહીએ તો હીદુસ્થાનની પચરંગી પ્રજા, હીદુસ્થાનની મત પંથમાં તથા સેંકડો ન્યાતોમાં વ્હેંચાયલી પ્રજા, આખરે એકજ પ્રજા છે એવી સમજ, એવાજ પ્રકારની પ્રજાકીય જાગૃતિ પેદા થઇ છે, આપણા દેશમાંની દરેક પ્રવૃત્તિ, દરેક ચળવળ આ પ્રજાકીય લક્ષ્યને અંગે ચલાવવામાં આવે છે અને જો તેવી રીતે ન ચાલતી હોય તો તે સુધરવી જોઇએ એમ દરેક કેળવાયલા માણસનાં સમજવામાં આવ્યું છે. એ પ્રજાકીય જાગૃતિ, એ પ્રજાકીય લક્ષ્યને વિધાતક જે જે પ્રવૃત્તિઓ તથા ચળવળ હોય તે ત્યાજ્ય છે એમ ઘણા વિદ્વાનોનું તથા લોકમાન્ય આગેવાનોનું માનવું છે. તેથી મત મતાંતરોનો ઝઘડો જેમ બને તેમ ઓછો થાય, આ પ્રજાકીય મહાન Machine મહાન્ સાંચાકામના જુદા જુદા ચંક્રોમાં બને તેટલો ઘસારો ઓછો થાય એવી, દરેક સમજુએ સંભાળ રાખવાની જરૂર છે. અને તેટલા માટે નિષેધ રૂપ પ્રવૃત્તિને સૌમ્ય સ્વરૂપમાં રાખી વિઘ્ન રૂપ ચળવળને જોરથી આગળ ચલાવવી જોઇએ.

મહાશયો ! છેવટે આપનું સ્વાગત કરતાં મારે એજ જણાવવાનું છે કે આપણી પ્રજા શારીરીક, સંસારીક, ધાર્મિક વીગેરે અનેક બાબતમાં આપણા ઋષિ મુનીઓના કાળના જેવી શ્રેષ્ઠ મહત્તા મેળવે અને તે અર્થે બનીશકે તેટલી આપણા દેશની સેવા કરવાને આપણે પાત્ર થઇએ તે માટે ઇશ્વર આપણને સદ્બુદ્ધિ આપો, તે માટે ઇશ્વર આપણા હ્રદયમાં દીવ્ય શાંતિ આપો આપણે શુદ્ધ હેતુથી, ભ્રાતૃભાવથી હળીમળીને એકઠા થાઓ, આપણું તથા જન સમાજનું શ્રેય કરવાને તત્પર થાઓ, માહોમાહેના નજીવા કલેષ તથા કલહ તજીને સાથે મળીને વિચાર કરો તથા સાથે મળીને શ્રેયસ્કર કાર્યોની વૃદ્ધિ કરો અને તે અર્થે વેદમાં જે પ્રાર્થના કહીછે તેનું આપણે મનન કરીશું ओम् सहनाभवतु सहनौ भुनक्तु सह वीर्यं करवा वहै । तेजस्विनावधि तमस्तु माविद्विषा वहै ॥

ओ३म् शांतिः शांतिः शांतिः

મુ. મા. ના જૈન પ્રિન્ટીંગ પ્રેસમાં મઠુભાઈ ભાઇદાસે છાપ્યું, ખપાટીઆ ચકલા સુરત